# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના દિ. ૦૭/૦૬/૨૦૧૮ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પ્રથમ પદવીદાન સમારંભ નિમિત્તે મા. કુલપતિશ્રી ડૉ. જતિન સોની દ્વારા સ્વાગત પ્રવચન

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સંચાલક મંડળના મા. અધ્યક્ષશ્રી તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી વી.પી પટેલ, અત્રે ઉપસ્થિત અન્ય યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીઓ, સંચાલક મંડળના સભ્યશ્રીઓ, ડીનશ્રી, કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ શ્રી સતીષ પટેલ, કુલસચિવ શ્રી ડૉ. ડી. ડી. કાપડિયા, યુનિવર્સિટીના અધિકારી તથા કર્મચારી ગણ, પ્રાધ્યાપક ગણ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, આમંત્રિત મહેમાનો, પ્રેસ અને મીડિયાના મિત્રો તથા આજ રોજ પદવીઓ અને ચંદ્રકો પ્રાપ્ત કરનાર વહાલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, ભાઈઓ અને બહેનો અને તેમના પરિવારજનો.

હું રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માનનીય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ કે જેમણે આ પ્રથમ પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન માટે સંમતિ આપી અને અમારા વિદ્યાર્થીઓને આશીર્વચન આપવા પધાર્યા તેમનું હું તમામ વિદ્યાર્થીઓ વતી સ્વાગત કરું છું. વિદ્યાર્થીઓને આપના આશીર્વાદથી જીવનના પડકારો અને વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવા માટે ઉત્તેજન મળશે. હું

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી તથા આપણી યુનિવર્સિટીના સંચાલક મંડળના ચેરમેન શ્રી વી.પી પટેલનું આ પ્રસંગે અંતઃકરણપૂર્વક સ્વાગત કરું છું. આપ આ યુનિવર્સિટીના પથદર્શક છો અને આપના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટીએ ગુજરાતની ખેલસંસ્કૃતિના જતન માટે ખૂબ જ ટૂંકા ગાળામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે જેના આપ સાક્ષી છો. વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન દ્વારા આશીર્વાદ આપવા માટે આપનું આદર સાથે યુનિવર્સિટી પરિવાર વતી સ્વાગત કરું છું.

હું અત્રે ઉપસ્થિત સંચાલક મંડળના તમામ સભ્યશ્રીઓ, એકેડેમિક કાઉન્સિલ, ફાઈનાન્સ કમિટી, પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ કમિટી, યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ, એક્ઝામિનેશન બોર્ડ, બોર્ડ ઑફ સ્ટડીઝના તમામ સભ્યશ્રીઓ, યુનિવર્સિટી ઑફિસર્સ, ડીનશ્રી, કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સંલગ્ન કોલેજોના પ્રિન્સિપાલ્સ, ફેકલ્ટી મેમ્બર્સ, વિવિધ સંલગ્ન સંસ્થાઓના ટ્રસ્ટી મંડળ અને પ્રતિનિધિશ્રીઓ, આમંત્રિતો, પ્રેસ અને મિડિયા અને અન્ય મહાનુભાવોનું સહર્ષ સ્વાગત કરું છું. અમે તમારી હાજરીથી ગૌરવાન્વિત છીએ. ડિપ્લોમા, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રીધારકો અને વિવિધ વિદ્યાશાખામાં ચંદ્રકો પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પ્રથમ પદવીદાન સમારંભમાં સ્વાગત કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

હવે હું યુનિવર્સિટીના વિકાસ અને પ્રગતિનો ટૂંકો અહેવાલ પ્રસ્તુત કરું છું.

ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિનું ઉત્થાન અને વિકાસ આપણા માનનીય વડાપ્રધાન શ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિની ફલશ્રુતિ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા રમતસંસ્કૃતિના યથાયોગ્ય નિર્માણ માટે કૌશલ્ય અને નિપુણતા ધરાવતા માનવસંસાધનના ઘડતર માટે Teacher Education Program, Sports Science Education Program, Coach Education Program, High Performance Training Program, Technical Official Training Program ની રચના કરવામાં આવી છે. **સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતગમતના ક્ષેત્રમાં આપણા દેશ માટે યશ અને ગૌરવ અપાવી શકે તેવાં કૌશલ્યો અને મૂલ્યો ધરાવતી રમત સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટે પ્રતિબદ્ધ છે.**

**આજે યુનિવર્સિટીનો સ્થાપના દિન છે. આજે સાતમી જૂનના રોજ યુનિવર્સિટીનો એક્ટ પ્રકાશિત થયો.** આ યુનિવર્સિટીએ વર્ષ ૨૦૧૩માં પોતાની શૈક્ષણિક સફરની શરૂઆત કરી. આજે, આ યુનિવર્સિટીમાં વિવિધ ૦૫ વિદ્યાશાખાઓ તથા ૦૭ સંલગ્ન સંસ્થાઓ અંતર્ગત હાલ ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાનના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવી રહ્યા છે. આગામી વર્ષોમાં આ સંખ્યા બમણી થશે તેવો મને વિશ્વાસ છે.

અભ્યાસક્રમ ઘડતર અને ઇનોવેટીવ પ્રેકટીસ :-

યુનિવર્સિટીએ એનસીટીઇ તથા યુજીસી જેવી રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં BPE અભ્યાસક્રમને RE-SPECIFIED કરી BPES જેવા અભ્યાસક્રમોની રચના કરી તથા BPED /MPEDના ધોરણો અને માપદંડો નક્કી કરવામાં અને સંકલિત MPED અને ચાર વર્ષીય BPED, BSC Sports Coaching, Sports Nutrition, P.G. Diploma In Adventure Sports Administration જેવા શૈક્ષણિક કાર્યક્રમના ઘડતરમાં યુનિવર્સિટીએ મહત્વપૂર્ણ અને નિર્ણયાત્મક ભૂમિકા ભજવી છે.

હ્યુમન પર્ફોમન્સ મોબાઇલ લેબ :-

હ્યુમન પર્ફોમન્સ એનાલિસીસ મોબાઇલ લેબ દ્વારા અનેક શાળાઓના વિદ્યાર્થીઓની મનોશારીરિક ક્ષમતાનું માપન કરવામાં આવ્યું. અત્યાર સુધી કુલ ૧૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું પરીક્ષણ થઇ ચૂક્યું છે. તદ્ઉપરાંત શક્તિદૂત યોજનાના લાભાર્થી ખેલાડીઓ તથા સશસ્ત્ર સીમા બળના ખેલાડીની ફિટનેસનું મૂલ્યાંકન કરવા માટે આ લેબે શ્રેષ્ઠ યોગદાન આપ્યું છે. એટલે કે ખેલાડી જ્યાં તાલીમ પ્રાપ્ત કરતો હોય ત્યાં જઇને ખેલાડીઓની શારીરિક ક્ષમતા આંક પ્રાપ્ત કરવાનો અભિનવ પ્રયોગની શરૂઆતનો સમગ્ર ભારતમાં આ પહેલો પ્રયોગ છે.

**<u>Visual Coaching Pro Software</u>** :- (પ્રથમવાર)

ગુજરાતના રાહબરોના ક્ષમતાવર્ધનમાં યુનિવર્સિટીએ ખેલાડીઓ તથા રાહબરોને પોતાના રમત પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ ક્ષમતાઓ પ્રાપ્ત કરવા Visual Coaching Pro Software ને ખરીદ કરી રાહબરો માટે તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં SAG ના રાહબરોની નિયુક્તિથી માંડી તેમને સમયાંતરે વિવિધ રમતવિજ્ઞાનનાં ક્ષેત્રોમાં પ્રશિક્ષિત કરવાના સંયુક્ત ઉપક્રમથી ખેલાડીને તૈયાર કરતા રાહબરોના ક્ષમતાવર્ધનમાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવવામાં યુનિવર્સિટી સફળ રહી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા રમતસંસ્કૃતિના વિકાસ માટે SAG સાથે ખભેખભા મેળવીને ઉત્કૃષ્ટ કામગીરી થઇ રહી છે તેનો મને ગર્વ છે.

<u>વાઇબ્રન્ટ ગુજરાત સ્પોર્ટ્સ સમિટ</u> :- **(Decoding Sports Ecosystem)**

રમતગમત વિભાગ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ સાથે મળીને વર્ષ ૨૦૧૫માં વાઇબ્રન્ટ ગુજરાત સ્પોર્ટ્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય અને દેશના રમતગમતના ક્ષેત્રમાં સુધારો કરવા માટે તથા રમતોના ક્ષેત્રમાં વર્તમાન મુદ્દાઓ અને વિકાસ અંગે ચર્ચા કરવા માટે પ્રખ્યાત રમતવીરો, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(SAI) અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત(SAG)ના પ્રતિનિધિઓ, રમતઉદ્યોગના પ્રતિનિધિઓ, રમત-સંગઠનોના પ્રતિનિધિઓ, રમત-પ્રબંધકો અને પ્રેક્ટિશનર્સના પ્રતિનિધિઓ, વિવિધ કોલેજોના શારીરિક શિક્ષણ નિયામકો સહિતના આશરે ૧૦૦૦ પ્રતિનિધિઓ સહભાગી બન્યા હતા.

ઓલિમ્પિક ટાસ્ક ફોર્સ :- (સૌ પ્રથમ શરૂઆત)

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૨૦, ૨૦૨૪ અને ૨૦૨૮ની ઓલમ્પિક માટે એક્શન પ્લાન તૈયાર કરવા ઓલિમ્પિક ટાસ્ક ફોર્સની રચના કરી હતી. યુનિવર્સિટી દ્વારા ઓલિમ્પિક ટાસ્ક ફોર્સની પ્રથમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સરકારી પ્રતિનિધિઓ, સ્પોર્ટ્સ એસોસિએશન્સ, રમતગમત પત્રકારો, સંસ્થાના હોદ્દેદારો, રમતોના નિવૃત્ત રાહબરો, રમત વિજ્ઞાનીઓ, જિલ્લા કક્ષાની ખેલકૂદ શાળાના રાહબરો, રમત શિક્ષણવિદો, શારીરિક શિક્ષણના શિક્ષકો, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ્સ, સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને માતા-પિતાઓએ ચર્ચામાં ભાગ લઈ રાષ્ટ્રને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગિલ્લી-દંડા કૌશલ સ્પર્ધા :-

કેન્દ્ર સરકારની "એક ભારત શ્રેષ્ઠ ભારત" ની હાકલ અંતર્ગત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની આગેવાની હેઠળ, વડોદરા ખાતે ગિલ્લી-દંડા કૌશલ સ્પર્ધા ૨૦૧૬નું આયોજન કરેલ જેમાં સહયોગી રાજ્ય છત્તીસગઢના ૫૦ પ્રતિસ્પર્ધીઓ, ગુજરાત રાજ્યના પ્રતિસ્પર્ધીઓ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા પરસ્પર રાજ્યની અનેક પરંપરાગત રમતોનું પ્રદર્શન કરેલ હતું. આ કાર્યક્રમ આપણા રાષ્ટ્રની પરંપરાગત રમતને ફરી જીવંત બનાવવાનો એક પ્રયાસ હતો.

<u>શક્તિદૂત ખેલાડીઓની જેનેટીકલ પ્રોફાઈલ</u> :-

ખેલાડીના પ્રદર્શન માટે જનીન પરીક્ષણ દ્વારા સુયોગ્યતા, રમતો સંબંધિત ઇજાઓ અને વ્યકિતગત પોષણની જરૂરિયાતોનું ગહન સંશોધન કરી આનુવંશિક વિવિધતાઓ જાણી શકાય છે. યુનિવર્સિટી દ્વારા ગુજરાત સરકારના શક્તિદૂત યોજનાના લાભાર્થી એવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નામના ધરાવતા ખેલાડીઓ માટે જનીન પરીક્ષણ ટેસ્ટ હાથ ધરવામાં આવેલ હતો.

<u>વંદે ગુજરાત પર શૈક્ષણિક કાર્યક્રમો</u> :-

યુનિવર્સિટીએ (BI-SAG) બાઇ-સેગ સાથે મળીને ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે, પરંપરાગત રમતોના પ્રચાર-પ્રસાર અને ખેલકૂદના વિવિધ વિષયોના ૧૪૪ એપિસોડ વિકસાવવા કાર્યરત છે. જેમાં ૬૦ જેટલા એપીસોડ તૈયાર થઇ ચૂક્યા છે. આ તમામ એપિસોડ યુનિવર્સિટીની વેબસાઇટ પર પણ હંમેશ માટે ઉપલબ્ધ રહેશે.

**<u>GIST</u>** :-

ગુજરાતની સ્પોર્ટ્સ ઇકો-સીસ્ટમની તમામ માહિતી મેળવવાના એક મહત્વના પ્રોજેકટ તરીકે યુનિવર્સિટીએ ગુજરાત ઇન્ફોર્મેશન ફોર સ્પોર્ટ્સ એન્ડ ટ્રેનિંગ (GIST) વેબપોર્ટલ બનાવ્યું. જેમાં ગુજરાત રાજ્યની રમતો, રમતવીરો, રાહબરો , ખેલકૂદ એકેડેમી, ખેલકૂદ શાળાઓ, સ્પોર્ટ્સ ક્લબો, મનોરંજક ક્લબ, રમતગમત મંડળો અને ખેલકૂદ એસોસિએશન ફેડરેશન્સ વગેરેના મેપીંગ માટે સિંગલ વિન્ડો પોર્ટલ,

'ગુજરાત ઇન્ફર્મેશન ફોર સ્પોર્ટ્સ એન્ડ ટ્રેનિંગ (જિસ્ટ)' શરૂ કર્યું છે. તે સ્પોર્ટ્સ ઈકો-સિસ્ટમના તમામ હિસ્સેદારો માટે એક **Knowledge Sharing Plateform** પૂરુ પાડે છે. GIST પોર્ટલ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જ્ઞાન-વહેંચણી માટેના મંચ તરીકે ક્રમશઃ સેવા આપશે.

<u>રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ</u> :-

પ્રથમ શૈક્ષણિક વર્ષથી આંતર યુનિવર્સિટીની સ્પર્ધાઓના આયોજનમાં વેસ્ટ ઝોન સ્તરની ચેસ અને ફૂટબોલ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કર્યું અને અત્યાર સુધી ૫૧૭ વિદ્યાર્થીઓએ ઝોનલ અને આંતર યુનિવર્સિટી રમત સ્પર્ધાઓમાં ભાગ લીધો. આર્ચરીની રમતમાં શ્રી પસાયા પ્રભાતભાઇ ગોપસિંહએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું છે.

<u>યુનિવર્સિટીની આંતર રાષ્ટ્રીય સ્તરે ઓળખ</u> :-

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ભારતવર્ષમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત એવી ૫૬ યુનિવર્સિટીની મેમ્બરશીપ ધરાવતી ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટીઝની મેમ્બરશીપ પ્રાપ્ત કરનાર પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે. ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ ફિઝિકલ એજયુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટીઝ દ્વારા વર્ષ ૨૦૧૯માં International Scientific Congress ની યજમાની આ યુનિવર્સિટીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. કસરત વિજ્ઞાન વિશે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરી સૌ પ્રથમવાર સમગ્ર વિશ્વને

રમતની મહત્તા સમજાવનાર યુનિવર્સિટી અને તેના વૈજ્ઞાનિકોના ભારત તથા ગુજરાતના રમત વૈજ્ઞાનિકો સાથે પારસ્પરિક સબંધો વધશે અને જ્ઞાનનું આદાન-પ્રદાન થઇ શકશે.

<u>એડવેન્ચર સ્પોર્ટ્સ</u> :-

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ સ્પોર્ટ્સના ક્ષેત્રે તજ્જ્ઞો તૈયાર કરવા માટે પી.જી. ડિપ્લોમા ઇન એડવેન્ચર સ્પોર્ટ્સ એન્ડ એડમિનીસ્ટ્રેશનનો અભ્યાસક્રમ શરૂ કર્યો તે સાથે વોટર, એરો અને લેન્ડ એડવેન્ચરના ક્ષેત્રોમાં વિધાર્થીઓ આગળ વધી શકે તે માટે ઇન્ડ્ઝ પેરાગ્લાઇડીંગ ઇન્સ્ટીટ્યૂટ, પુના, સશસ્ત્ર સેના બળ, રિજિયોનલ માઉન્ટેનિયરિંગ સેન્ટર, ધર્મશાળા અને અટલ બિહારી વાજપેયી ઇન્સ્ટીટ્યુટ સાથે પ્રવૈધક સહયોગ કર્યો. વોટર સ્પોર્ટ્સ અને એરો સ્પોર્ટ્સ માટે ક્રિષ્ણા એકેડેમી સાથે સહયોગ કરી ભરૂચમાં નર્મદા કિનારે તથા અમદાવાદમાં સાબરમતીમાં રિવરફ્રન્ટ ખાતે વોટર સ્પોર્ટ્સનું નિદર્શન કરવામાં આવ્યું. ડેસર મુકામે વોટર સ્પોર્ટ્સ અને એરો સ્પોર્ટ્સની ઘનિષ્ઠ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. એડવેન્ચર સ્પોર્ટ્સ જેવાં ક્ષેત્રોમાં વધુને વધુ તજ્જ્ઞો તૈયાર થાય તે માટે યુનિવર્સિટીનો આ ડિપાર્ટમેન્ટ અથાગ પ્રયત્નો કરી રહ્યું છે.

**<u>Main Campus (મુખ્ય મથક)નું નિર્માણ</u>** :-

સરકારશ્રી દ્વારા વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં વાલાવાવ ખાતે ૧૩૦ એકર જેટલી જમીન યુનિવર્સિટીના વડા મથક માટે આપેલ જ્યાં આજે પ્રથમ તબક્કાના

લક્ષ્યાંકો પૈકી વહીવટી ભવન, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે અલાયદા છાત્રાવાસ, વિવિધ રમતોનાં મેદાનો તથા કર્મચારી આવાસના નિર્માણ માટે રાજ્ય સરકારની આર્થિક મદદથી હાલમાં ડેસર ખાતે બાંધકામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત મલ્ટીપરપઝ ઇન્ડોર હૉલ, ઇન્ડોર સ્વિમિંગ પુલ તથા એથ્લેટિક ટ્રેકના નિર્માણ માટે પણ ભારત સરકારની આર્થિક મદદ પ્રાપ્ત થયેલ છે. ગુજરાત સરકાર તરફથી અત્યાર સુધી યુનિવર્સિટી મુખ્ય મથકના નિર્માણ માટે કુલ ૫૪.૦૬ કરોડ તથા ભારત સરકાર તરફથી રૂ. ૩ કરોડની સહાય મળી છે જે સૌ માટે ગૌરવની વાત છે.

અંતે....... આમ, આ યુનિવર્સિટી એ ફક્ત પુસ્તકિયા જ્ઞાન તથા ગ્રંથો આધારિત શિક્ષણ પ્રથાથી ઉપર ઊઠીને વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે કૌશલ્યનિર્માણ થઇ શકે તે માટે યુનિવર્સિટીના તમામ અધિકારી-કર્મચારી તથા શૈક્ષણિક ગણ સતત પ્રયત્નશીલ રહેશે અને **TEAM SGSU** તરીકે કામગીરી કરી યુનિવર્સિટી વિશ્વફલક પર ઉમદા સ્થાન પ્રાપ્ત કરે તે માટે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે તેવો મને પૂર્ણ વિશ્વાસ છે.

આપ સૌને અભિનંદન આપી મારી વાણીને વિરામ આપી વિરમું છું.

ભારતમાતા કી જય........

જય જય ગરવી ગુજરાત .........